## જન્મદિને વધામણી



ગણપતભાઈ એન પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



લાલભાઈ પટેલ
મો. ૯૪૨૭૪ ૫૫૪૧૭



જયેશ એન સોની
મો. ૯૯૦૪૭ ૩૮૫૫૫



બાબુભાઈ પીતાંબરભાઈ પરમાર
મો. ૭૮૨૩૧ ૦૮૫૧૮



નિધિ જિજ્ઞેશ શાહ
મો. ૯૮૨૪૫ ૪૩૧૦૧

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# મોભાદાર મુશાયરામાં સર્જકો ખૂબ ખીલ્યા



જામનગરના સાંધ્ય દૈનિક 'નોબત'ના સ્થાપના દિન નિમિત્તે 'મેઘધનુષી મોભાદાર મુશાયરા'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જલન માતરી, ભાગ્યેશ જહા, ડૉ. હરીશ ઠક્કર, કૃષ્ણ દવે, મનોજ જોષી 'મન' અને એષા દાદાવાલા દ્વારા પોતાની મસ્ત કૃતિઓનું પઠન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. જામનગરના સાહિત્યરસિક પ્રેક્ષકો મોટી સંખ્યામાં આ અનોખા કાર્યક્રમને માણવા ઉપસ્થિત રહ્યા હતા.

# સીબીએસઈનું ધો-૧૨નું પરિણામ આગામી સપ્તાહે જાહેર કરાશે

## આ વખતે પાંચ રાજ્યોની ચૂંટણીના પગલે પરીક્ષા મોડી શરૂ થઈ હોવાથી પરિણામમાં વિલંબ થઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૭

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધોરણ-૧૨નું પરિણામ આગામી સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. બોર્ડ દ્વારા સત્તાવાર રીતે પરિણામની તારીખ જાહેર કરાઈ નથી. પરંતુ બોર્ડના આંતરીક સૂત્રોએ ધોરણ-૧૨નું પરિણામ ૨૪મેથી ૨૭ મે દરમિયાન જાહેર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રવેશમાં મુશ્કેલી ન પડે તે માટે ૨૭ મે સુધીમાં પરિણામ જાહેર કરી દેવાનું આયોજન કરાયું છે. મોટાભાગે બોર્ડ ૨૪ અથવા તો ૨૫ મેના રોજ પરિણામ જાહેર કરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર CBSEના ધોરણ-૧૨ના પરિણામને લઈ છેલ્લા કેટલાક દિવસોથી રાહ જોવાઈ રહી છે, પરંતુ બોર્ડ દ્વારા પરિણામ અંગે હજુ સત્તાવાર જાહેરાત કરી નથી. ગતવર્ષે ૨૧ મેના રોજ બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરી દેવાયું હતું. જોકે, આ વખતે પાંચ રાજ્યોની ચૂંટણીના પગલે પરીક્ષા મોડી શરૂ થઈ હોવાથી પરિણામમાં વિલંબ થઈ રહ્યો હોવાનું જાણવા મળે છે.

ચાલુ વર્ષે CBSEની પરીક્ષા પાંચ રાજ્યોની ચૂંટણીના પગલે એક સપ્તાહ મોડી શરૂ થઈ હતી. જેની અસર પરિણામ પર ન પડે તે માટે સમયસર પરિણામ જાહેર કરવાનું આયોજન કરાયુ હતું. પરંતુ ગતવર્ષ કરતા ચારેક દિવસ મોડું પરિણામ જાહેર થાય તેવી શક્યતા સૂત્રોએ વ્યક્ત કરી છે.

ગત વર્ષે બોર્ડ દ્વારા ૨૧ એપ્રિલના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ આ વખતે ૨૪મેથી ૨૭ મે દરમિયાન પરિણામ જાહેર થાય તેવી શક્યતા છે. જોકે, CBSE બોર્ડ દ્વારા પરિણામ અંગે હજુ સત્તાવાર જાહેરાત કરી નથી. પરંતુ પરિણામ માટે જાણીતી એક વેબસાઈટ દ્વારા CBSEનું પરિણામ ૨૪ મેના રોજ જાહેર કરાશે તેમ જણાવ્યું છે.

ઉપરાંત CBSEના સૂત્રોના મુજબ ૨૫ મેના રોજ પરિણામ જાહેર થાય તેવી શક્યતા છે. પરંતુ ૨૭ મેથી વધુ મોડું પરિણામમાં કરવામાં આવશે નહીં તેવી સ્પષ્ટતા પણ કરાઈ હતી.

## ડાયરેક્ટ ❤ સે

કોઈના શબ્દોની
નકલ તો બહુ કરી
ચાલો
કોઈની લાગણીની
નકલ કરીએ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦
સરકાર-૩
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
મેરી પ્યારી બિંદુ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦
૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરકાર-૩
૧૨.૪૫

**સ્ક્રીન-૪**
સરકાર-૩
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧.૪૫, ૫.૦૦, ૮.૩૦

# હવે સીબીએસસીમાં પણ ગુજરાત બૉર્ડ જેવી પરીક્ષા પદ્ધતિ

ગાંધીનગર, તા. ૧૭

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ધોરણ-૧૦ની પરીક્ષામાં ફેરફાર કર્યો છે અને ગુજરાત બોર્ડની પરીક્ષા પદ્ધતિ અમલમાં મુકી છે. જે અંતર્ગત ગાઈડલાઈન નક્કી કરવામાં આવી છે. આ ગાઈડલાઈન હાલમાં ગુજરાત બોર્ડ દ્વારા લેવાતી ધોરણ-૧૦ની પરીક્ષાને અનુરૂપ જ હોવાનું જાણવા મળે છે. CBSEમાં ધોરણ-૧૦માં પાસ થવા માટે ૮૦ ગુણમાંથી ૩૩ ગુણ લાવવાના રહેશે. CBSEની પરીક્ષામાં વિદ્યાર્થીને માત્ર બોર્ડની પરીક્ષા જ નહીં, પરંતુ સમગ્ર વર્ષ સ્કૂલમાં કરેલી કામગીરીનું પણ મુલ્યાંકન કરી તેના માર્ક પણ આપવાનું નક્કી કરાયું છે. અગાઉ CBSEની બોર્ડની પરીક્ષામાં માત્ર પરીક્ષાના માર્કના આધારે જ માર્કશીટ તૈયાર થતી હતી, પરંતુ હવે સ્કૂલના ગુણને પણ માર્કશીટમાં સ્થાન મળશે. આમ સીબીએસઈ પણ ધોરણ ૧૦માં ગુજરાત મોડેલ અનુસરી રહ્યું છે.

CBSE દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષા ઓપ્શનલ કરવાનો અગાઉ નિર્ણય લેવાયો હતો. જેના પગલે જે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવા માંગતા હોય તેઓ બોર્ડની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકતા હતા. ઉપરાંત જે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવા માંગતા ન હોય તેઓ સ્કૂલ કક્ષાએ લેવાતી ધોરણ-૧૦ની પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણય બાદ ઘણા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાનો મહાવરો મળતો ન હોવાની ફરિયાદો ઊઠી હતી. ઉપરાંત અન્ય પાસાઓની ચર્ચા બાદ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષા ઓપ્શનલ રાખવાનો નિર્ણય પડતો મુક્યો હતો અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષા ફરીથી અમલમાં મુકી છે.

CBSE બોર્ડ દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષા અમલમાં મુકી હતી પરંતુ અગાઉ જે પધ્ધતિ હતી તે પધ્ધતિના બદલે ગુજરાત મોડેલ પ્રમાણે બોર્ડની પરીક્ષાનો અમલ કરવાનો નિર્ણય લીધો હતો. ગુજરાતમાં ધોરણ-૧૦ની પરીક્ષામાં બોર્ડની પરીક્ષાનું વેઈટેજ ૭૦ ટકા અને સ્કૂલ કક્ષાની પરીક્ષા તથા અન્ય પ્રવૃત્તિઓનું વેઈટેજ ૩૦ ટકા રાખવાનું નક્કી કર્યુ હતું. આ જ પ્રમાણે CBSE બોર્ડ દ્વારા પણ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું વેઈટેજ ૮૦ ટકા અને સ્કૂલ કક્ષાની પરીક્ષા તથા અન્ય પ્રવૃત્તિનું વેઈટેજ ૨૦ ટકા રાખ્યું છે. ધોરણ-૧૦ની પરીક્ષામાં પાસ થવા માટે બંને પરીક્ષા એટલે કે સ્કૂલ કક્ષા અને બોર્ડની પરીક્ષામાં પાસ થવાનું CBSEએ પણ ફરજિયાત કર્યુ છે. ગુજરાતમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં પાસ થવા માટે ૩૩ ગુણ રાખ્યા છે, જ્યારે CBSEએ પણ ધોરણ-૧૦ની પરીક્ષામાં પાસ થવા માટે ૩૩ પાસિંગ ગુણ નક્કી કર્યા છે. જ્યારે ગુજરાતમાં સ્કૂલ દ્વારા આપવામાં આવતા ૩૦ ગુણમાંથી પાસ થવા માટે ૧૧ માર્ક લાવવાના હોય છે, CBSEમાં પણ સ્કૂલ કક્ષાના ૨૦ ગુણમાંથી પાસ થવા માટે ૩૩ ટકા ગુણ લાવવાના રહેશે એટલે કે, ૭ માર્ક લાવનારને પાસ ગણાશે.

**છ વિષયની પરીક્ષા લેવાશે**

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં છ વિષયની પરીક્ષા લેવામાં આવે છે તે જ રીતે ઝમ્જીઈ બોર્ડ દ્વારા પણ છ વિષયની જ પરીક્ષા લેવામાં આવશે. જેમાં ભાષા-૧, ભાષા-૨, સાયન્સ, મેથ્સ, સોશ્યલ સાયન્સ અને વધારાનો એક વિષય સામેલ થાય છે. આ વધારાના વિષયની પસંદગી વિદ્યાર્થીએ કરવાની હોય છે. વધારાના વિષયને બાદ કરતા બાકીના પાંચ વિષયમાં ૮૦ માર્કની પરીક્ષા બોર્ડ લેશે અને તેમાં પાસ થવા માટે વિદ્યાર્થીએ ૩૩ ગુણ લાવવાના રહેશે.

**૨૦ ગુણની જવાબદારી સ્કૂલની**

CBSE દ્વારા ધોરણ-૧૦ના ૨૦ ગુણની જવાબદારી સ્કૂલોને સોંપી છે. જેમાં ૧૦ ગુણ સ્કૂલની પરીક્ષાના રહેશે. વર્ષ દરમિયાન દરેક વિષયની ત્રણ પરીક્ષા સ્કૂલે લેવાની રહેશે. જેમાંથી વધુ માર્ક ધરાવતા બે પરિણામોની સરેરાશ પ્રમાણે માર્ક આપવાના રહેશે. જ્યારે ૫ માર્ક નોટબુક સબમિશનના રહેશે. જેમાં વિદ્યાર્થીની નિયમિતતા, તેને આપવામાં આવેલા ગૃહકાર્ય તથા નોટબુકની સ્વચ્છતાના આધારે તેને ૫ ગુણમાંથી સ્કૂલ દ્વારા માર્ક અપાશે. જ્યારે ૫ ગુણ વિષય સમૃદ્ધિના અપાશે. જેમાં વિદ્યાર્થીનું બોલવાની અને સાંભળવાની સ્કીલ, લેબ વર્ક તથા પ્રોજેક્ટ વર્કને ધ્યાનમાં રાખીને માર્ક આપવામાં આવશે.

# ગૂજરાત વિદ્યાપીઠમાં ગાંધીયન લીડરશીપ પ્રોગ્રામનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીજીના સિદ્ધાંતો અને આદર્શો આજના યુવાનોમાં લીડરશીપ અને મેનેજમેન્ટ ફંડા તરીકે લોકપ્રિય થઈ રહ્યા છે, ત્યારે ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ગાંધીયન લીડરશીપ પર પંદર દિવસના શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનો મંગળવારથી પ્રારંભ કરાયો છે. પ્રેક્ટિકલ એક્ટિવિટી અને નિષ્ણાતોના માર્ગદર્શન દ્વારા ૨૦થી ૩૦ વર્ષના યુવાનોમાં ગાંધી મૂલ્યો દ્વારા નેતૃત્વના ગુણો વિકસાવવાનો આ કોર્ષનો હેતુ છે. આ કોર્ષ દરમિયાન યુવાનોને વિવિધ પ્રવૃત્તિઓ, ફિલ્મો, ચર્ચાઓ, નાટકો અને કાર્યશાળાઓ દ્વારા નેતૃત્વના ગુણો ખીલે તે મુજબની પ્રવૃત્તિઓ કરાવીને વિવિધ પડકારોનો સામનો કઈ રીતે કરવો તે શીખવવામાં આવે છે. આ પ્રોગ્રામમાં સાંપ્રત રાજકીય પ્રવાહો, વિકાસ મોડેલ અને સામાજિક માહોલ, આ સ્થિતિમાં ગાંધી વિચારની પ્રસ્તુતતા, ગ્રામ સેવક અને સત્યાગ્રહના લક્ષણો, વ્યક્તિગત રીતે નેતૃત્વના ગુણો કઈ રીતે વિકસાવવા, ગાંધીયન પદ્ધતિથી વિકસતા નેતૃત્વના ગુણો, વિશાળ જનસંખ્યાનું માર્ગદર્શન કરવાની ગાંધીયન પદ્ધતિઓ, લેખન અને વિચારમંથન, જાહેર વ્યાખ્યાનની કળા, પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રિક મીડિયાનો ઉપયોગ, સૂત્રો કઈ રીતે લખવા, જિંગલ કઈ રીતે બનાવવી કે પ્રચાર માટેના પોસ્ટર કઈ રીતે બનાવવા, જાહેરસભા કે રેલીનું આયોજન કરવા કઈ બાબતો ધ્યાનમાં રાખવી, આજના સમયમાં ગાંધીયન નેતૃત્વ સામેના પડકારો જેવા વિષયો પર સમજ પૂરી પાડવામાં

# 'નીટ'ના પરિણામ ઉપર સ્ટે માટે વાલીઓની તૈયારી

ગાંધીનગર, તા. ૧૭

મેડિકલ પ્રવેશ માટે લેવાયેલી નીટમાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પ્રશ્નપત્રોના કારણે ભારે વિવાદ ઉભો થયો છે. કેન્દ્રીય માનવ સંશાધન મંત્રીએ કોઈપણ વિદ્યાર્થીઓને અન્યાય નહી થાય તેવી બાંયેધરી આપી છે ને પરિણામ આવે તેમાં કોઈ ફેરફાર જોવા નહી મળે તેવી પણ સ્પષ્ટતા કરી છે. પરંતુ ગુજરાતી માધ્યમના વાલીઓએ હવે કેન્દ્રીય મંત્રીની સ્પષ્ટતાં પર વિશ્વાસ કરવાના બદલે સમગ્ર મામલાને સુપ્રીમ કોર્ટમાં ખેંચી જવાની તૈયારી શરૂ કરી છે. વન એકઝામ વન મેરીટની જાહેરાત કર્યા પછી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના અલગ અલગ પ્રશ્નપત્રો અપાતા મોટો વિવાદ ઉભો થયો છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કોઈપણ માધ્યમના વિદ્યાર્થીઓને નુકસાન ન નહીં જાય તેવી સ્પષ્ટતા કરી હતી. કેન્દ્રીય મંત્રીની આ પ્રકારની સ્પષ્ટતા પછી ગુજરાતના હજારો વાલીઓએ તેમના પર વિશ્વાસ રાખવાના બદલે સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં લઈ જવાની તૈયારી કરી દીધી છે.

### ભાગવત વિદ્યાપીઠ ખાતે

# શુક્રવારે 'કૃતજ્ઞતા પર્વ'નું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

તા.૧૯ મે, શુક્રવારે ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીજી ભાગવતસ્થ થયા તે દિન નિમિત્તે 'કૃતજ્ઞતા પર્વ'નું આયોજન સાંજે ૬.૦૦ વાગ્યાથી કરાયું છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ ઉપસ્થિત રહેશે. જ્યારે જાણીતા ઉદ્યોગપતિઓ કરસનભાઈ પટેલ, પંકજભાઈ દેસાઈ અને સુરેન્દ્રભાઈ પટેલ સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આ અંગે વિગતો આપતા ભાગવત વિદ્યાપીઠ, સોલાના ભાગવત ઋષિજીએ જણાવ્યું કે તા.૧૯મીએ સાંજે ૬.૦૦થી ૮.૦૦ 'કૃતજ્ઞતા પર્વ'નું આયોજન કરાયું છે. પર્વનો પ્રારંભ ભક્તિ-સંગીતથી થશે અને ઋષિકુમારો દ્વારા વેદમંત્રોચ્ચાર થશે. ભાગવત વિદ્યાપીઠના ટ્રસ્ટી પી.કે.લહેરી આ સમગ્ર પર્વનું સંચાલન કરશે.

વૈશાખ વદ આઠમના દિવસે પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીજીની પુણ્યતિથિ છે, પરંતુ તેઓનું સમગ્ર જીવન ભાગવતમય પસાર થયું અને શ્રીમદ્ ભાગવત ઉપર પણ તેમણે ટીકા પણ રચી છે, તેને કારણે તેઓ ભાગવતસ્થ થયા છે, એવું અમે કહીએ છીએ. પૂજ્ય દાદાજીએ અમને બે કાર્યની પ્રેરણા આપી છે કે સમગ્ર જીવન દરમિયાન પરોપકાર કરવો અને બીજાની સહાયને ક્યારેય ભૂલવી નહીં. સાથે જ તેઓના મહત્ત્વના ગુણોમાં દયાભાવ, ક્ષમાભાવ રાખતા હતા અને તેના દ્વારા તેઓ જીવનમાં અંતિમ તબક્કા સુધી આ ગુણોને જીવનમાં વણી લીધા હતા. માટે જ અમે વર્ષમાં એક દિવસ એવી રીતે ઉજવવો કે તેમનો જે ગુણ છે કે બીજાઓનાં ઉપકારને ભૂલવા નહીં, તે માટે આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે અને તેનું નામ પણ 'કૃતજ્ઞતા પર્વ' તરીકે રખાયું છે.

તેમણે જણાવ્યું કે ભાગવત વિદ્યાપીઠ, સોલાની ગૌશાળા અત્યારે ૨૫૦ દેશી ગાય છે અને બધી જ કાંકરેજી ગાય છે. પૂજ્ય દાદાજી શ્રીમદ્ ભાગવતને આધારે અને પુષ્ટિમાર્ગની પરંપરાને આધારે કહેતા કે ગાયની સેવા કરવી એ ઠાકોરજીની સેવા કરવા બરાબર છે. આપણે અહીં ઠાકોરજીની અલગ સેવા તો કરીએ જ છીએ, પરંતુ આ સેવા ઠાકોરજીને પ્રિય છે. ઠાકોરજીને રાજી કરવા માટે આપણી કોઈ હેશિયત નથી, પરંતુ આપણે ગાયની સેવા કરીશું તો ઠાકોરજી રાજી થશે. અમારો એ અનુભવ પણ રહ્યો છે કે અહીં ગાયની સેવાથી ઠાકોરજી વધુ રાજી થયા છે. સાથે જ દર વર્ષે 'ગો ફેસ્ટિવલ' તરીકે ઉજવીએ છીએ.

# રાષ્ટ્રીય ભાવના ચરિતાર્થ કરતું મહાનાટક 'અમર ગૌરવ ગાથા'

## ૫૦થી વધુ ઐતિહાસિક પાત્રોનું પ્રવાહી શૈલીમાં તાદશ આલેખન




**પુસ્તક પરિચય**
સ્વાતિ શુક્લ

નાટક વિષયક વીસથી વધુ પુસ્તકો આપનારા જાણીતા નાટક કલાકાર, દિગ્દર્શક, કવિ અને 'નવશીલ આર્ટ' નામની નાટ્યસંસ્થાના સંચાલક પિયુષ ભટ્ટ લિખિત મહાનાટક એટલે 'અમર ગૌરવ ગાથા', જે રાષ્ટ્રીય ચેતનાને સ્પર્શતી નાટ્યકૃતિ છે. જેમણે દેશ માટે પોતાના અંગત સુખ-વૈભવનો ત્યાગ કર્યો છે તેવા ચાણક્યથી માંડીને સ્વતંત્રતાની લડાઈના સૂત્રધાર મહાત્મા ગાંધીજી સુધીના ઈતિહાસપ્રસિદ્ધ પાત્રોની પ્રવૃત્તિઓને સફળ રીતે આ મહાનાટકમાં રંગમંચસક્ષમ બનાવવામાં આવી છે.

એકાંકીની શરૂઆત જ ચાણક્યના પ્રેરક ઉદ્બોધનથી થાય છે. 'હે વીર્યવાનો વેદ વંદનાના આ સ્વરોની સાથે સાથે જ રાષ્ટ્રવંદનાના સ્વરોનું ગુંજન થવું અતિ આવશ્યક છે. સમજી લો, રાષ્ટ્રભક્તિથી વિશેષ મહત્ત્વનો કોઈ ધર્મ નથી. રાષ્ટ્રથી વધારે અગત્યની કોઈ નીતિ નથી.' એક પછી એક પચાસેક જેટલા ઐતિહાસિક પાત્રોને સાતત્યબદ્ધ રીતે અભિવ્યક્ત કરવા માટે લેખકે રંગલો, રંગલી અને પ્રવક્તાનો આધાર લીધો છે. ચાણક્ય, ચંદ્રગુપ્ત, ભામાશા, શિવાજી, સમ્રાટ અશોક, બેગમ નૂરજહાં, ટીપુ સુલતાન, રાણી લક્ષ્મીબાઈ, નાનાસાહેબ પેશ્વાથી લઈ ઝવેરચંદ મેઘાણી, સરદાર પટેલ અને ગાંધીજી સુધીનાં પાત્રોને આ મહાનાટકમાં અત્યંત તાદશ રીતે પ્રવાહી શૈલીમાં રજૂ કરવામાં આવ્યાં છે. અલગ-અલગ કાળખંડમાં થઈ ગયેલાં આ પાત્રોને એક જ પ્રવાહમાં રજૂ કરવાનું અત્યંત કઠિન કાર્ય લેખકે બખૂબી કર્યું છે. રંગલો, રંગલી અને પ્રવક્તાના સંવાદો, ગીતો અને દૃશ્યાંકન એટલાં રસાળ છે કે દર્શકો લાંબા સમયપટ પર આકાર પામેલી ઘટનાઓની એકસૂત્રતા સરળતાથી સાધી શકે છે. દર્શકોને રાષ્ટ્રીય ભાવનાથી તરબોળ કરી દે તેવા ધારદાર સંવાદો એ લેખકનો અંગત જીવનકર્મ પણ દર્શાવે છે. નાટ્યકૃતિના ત્રણેય અંકો સ્વતંત્ર રીતે ભજવી શકાય એટલા વૈવિધ્યસભર છે. આ પુસ્તકની પ્રસ્તાવના પ્રૉફેસર, લેખક બિપિન આશરે લખી છે અને શબ્દાશિષ પાઠવ્યા છે જાણીતા ઈતિહાસકાર, લેખક અને હવે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ. કવિ અને દિગ્ગજ નાટ્યકાર ડૉ. શૈલેષ ટેવાણીએ અભિપ્રાય આપ્યો કે 'આ નાટકમાં મંચન દૃષ્ટિ, રજૂઆતમાં ભવાઈ શૈલી અને સ્વાતંત્ર્ય સંગ્રામનો વિષય છે. રસળતી ભાષા અને પદ્યાતિક સંવાદો, ગીતો અને બહુધા શિષ્ટ કાઠું ધરાવતી આકૃતિ શાળા કૉલેજોમાં અનેકવાર સફળતાપૂર્વક ભજવાઈ ચૂકી છે.' વ્યક્તિગત સુખ સગવડોની તીવ્ર ઘેલછા યુવાનોમાં વધતી જાય છે ત્યારે રાષ્ટ્રીય ભાવના જાગૃત કરતાં નાટકો ભજવવા માટે દરેક સ્વૈચ્છિક સંસ્થા તથા શાળા-કૉલેજે આ કૃતિ વસાવવા જેવી છે.

મહાનાટક 'અમર ગૌરવ ગાથા'
પાનાં : ૮૦
મૂલ્ય : રૂા. ૭૦-૦૦
લેખક : પિયુષ ભટ્ટ
પ્રકાશક : એક્રોસ ધી વર્લ્ડ, જામનગર
ફોન : ૯૪૨૭૨ ૦૭૯૩૯

# સ્મિત મ્યુઝિક દ્વારા શનિવારે ફિલ્મી ગીત-સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

સ્મિત મ્યુઝિક દ્વારા કિશોર ક્લાસીસના સૌજન્યથી 'દિવાને પરવાને મસ્તાને' નામક ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન ૨૦મી મેના રોજ કરવામાં આવ્યું છે. ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે શનિવારે રાત્રે ૯.૦૦ કલાકે આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં ગાંધીનગરના લીટલ્સ, યંગસ્ટર અને સિનિયર્સ સિંગર્સ દ્વારા જૂની તેમજ નવી હિન્દી ફિલ્મ્સનાં ગીતો પ્રસ્તુત કરવામાં આવશે. આ પ્રસંગે કિશોર ક્લાસીસના કિશોર સર, બળવંતસર, મયુર પટેલ, જગતભાઈ કારાણી, નીતિન પટેલ, બકુલ પંજવાણી, સંજયભાઈ થોરાત, ઝીલુભા ધાધલ વગેરે અગ્રણીઓ સિંગર્શને પ્રોત્સાહન માટે પધારી રહ્યા છે એમ સ્મિત મ્યુઝિકનાં સંચાલક જ્યોતિ ગજ્જર, ભરત ગજ્જર દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.